સીઓપી-૩૪ રાજ્યના ખેડૂતોને સહકારી કૃષિ ધિરાણ માળખા મારફતે ૭% ના દરે પાક ધિરાણ આપતાં સહકારી કૃષિ વિષયક ધિરાણ માળખાને ૨% વ્યાજ રાહત તથા સમયસર ધિરાણ પરત ભરતાં ખેડૂતોને ૪% મુજબ વ્યાજ રાહત આપવાની યોજનાને સને ૨૦૨૬-૨૭ના વર્ષ માટે વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

ઠરાવ ક્રમાંક: **ACD/CEF/e-file/2/2024/3498/CH**

સચિવાલય, ગાંધીનગર

વંચાણે લીધા:

(૧) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના તા.૦૧/૦૪/૨૦૨૫ ઠરાવ ક્રમાંક: **ACD/CEF/e-file/2/2024/3498/CH**

(૨) રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ ગુજરાત રાજ્ય ગાંધીનગરના તા.૧૯/૧૦/૨૦૨૩ના પત્ર ક્રમાંક: સધણ/૦૧/ત-૩/૧૧૦૭/૨૦૨૩

પ્રસ્તાવના:

રાજ્યમાં કૃષિ વિષયક ટૂંકાગાળાનું ધિરાણ પૂરું પાડવા માટે એક રાજ્ય સહકારી બેંક લી., ૧૮ જિલ્લા મધ્યસ્થ સરકારી બેંકો તેમજ ૧૦,૦૦૦ ઉપરાંતની ખેતી વિષયક ધિરાણ સહકારી મંડળીઓનું વિસ્તૃત માળખું કાર્યરત છે. રાજ્યમાં કુલ ૭૦% નાના અને સીમાંત ખેડૂતો સહકારી માળખા સાથે જોડાયેલા છે. રાજ્યના ૧૪ લાખ ઉપરાંત નાના, સીમાંત અને નબળા વર્ગના ખેડૂતો ટૂંકી મુદતનું કૃષિ પાક ધિરાણ સરકારી માળખા દ્વારા મેળવે છે. આ ધિરાણ મોટા ભાગની સહકારી બેંકો દ્વારા અગાઉ ૧૦% થી ૧૩% ના વ્યાજના દરે પૂરુ પાડવામાં આવતું હતું. જ્યારે કોમર્શીયલ બેંકો દ્વારા ૭% ના દરે ધિરાણ આપવામાં આવતું હતું. સહકારી બેંકોના આ વિસ્તૃત માળખા સાથે જોડાયેલા ખેડૂતોને પણ ૭% ના દરથી ધિરાણ મળી રહે અને સહકારી ધિરાણ સંસ્થાઓને આ કૃષિ વિષયક ધિરાણ પર વ્યાજ રાહતનો લાભ મળે તે જરૂરી છે.

વંચાણે લીધા ક્રમાંક: (૧)ના ઠરાવથી સીઓપી-૩૪ યોજના અંતર્ગત રાજ્યના ખેડૂતોને સહકારી કૃષિ ધિરાણ માળખા મારફતે ૭% ના દરે પાક ધિરાણ આપતાં સહકારી કૃષિ વિષયક ધિરાણ માળખાને ૨% વ્યાજ રાહત તથા ખેડૂત દ્વારા લેવામાં આવેલ ટુંકી મુદતના પાક ધિરાણ પૈકી રૂ.૩.૦૦ લાખ સુધીના સમયસર પરત ભરપાઈ કરવામાં આવેલ ધિરાણ ઉપર રાજ્ય સરકારશ્રી દ્વારા ૪% મુજબ વ્યાજ રાહત આપવાની યોજનાને સને ૨૦૨૫-૨૬ ના વર્ષ માટે ચાલુ રાખવામાં આવેલ હતી તથા વંચાણે લીધા ક્રમાંક: (૨) ના પત્રની દરખાસ્ત અન્વયે સદરહુ યોજના સને ૨૦૨૬-૨૭ ના વર્ષ માટે વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

## ઠરાવ

સીઓપી-૩૪ રાજ્યના ખેડૂતોને સહકારી કૃષિ ધિરાણ માળખા મારફતે ૭% ના દરે પાક ધિરાણ આપતાં કૃષિ વિષયક ધિરાણ માળખાને નાબાર્ડના રિફાઇનાન્સના ક્વોટાની રકમ વાપર્યા પછીના સ્વભંડોળના ધિરાણ માટે ૨% વ્યાજ રાહત તથા સમયસર ધિરાણ પરત ભરતાં ખેડૂતોને રૂ.૩.૦૦ લાખ સુધીના ટૂંકી મુદતના પાક ધિરાણ પર ૪% મુજબ વ્યાજ રાહત આપવાની યોજના માટે સને:૨૦૨૬-૨૭ના વર્ષમાં કરવામાં આવેલ રૂ.૧૪૫૦.૦૦ કરોડ (અંકે રૂપિયા ચૌદસો પચાસ કરોડ પુરા)ની બજેટ જોગવાઇને નીચેની શરતોને આધીન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(અ) સમયસર ધિરાણ પરત ભરતાં ખેડૂતોને ૪% વ્યાજ રાહત આપવા અંગેની શરતો અને બોલીઓ.

(૧) આ યોજના હેઠળ ટૂંકી મુદતનું પાક ધિરાણ મેળવેલ અને સમયસર ધિરાણ પરત કરનાર ખેડૂતોને ૪% ની વ્યાજ રાહત મળવાપાત્ર થશે.

(૨) કેન્દ્ર સરકાર/નાબાર્ડ પુરસ્કૃત ખેડૂતો માટે ૭% કે તેથી ઓછા વ્યાજના દરે ટૂંકી મુદ્દતના પાક ધિરાણની યોજનાનું અમલીકરણ કરતી

હોય તેવી રાજ્ય સહકારી બેંક, જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકો, રાષ્ટ્રીયકૃત બેંકો, પ્રાઈવેટ બેંકો, ખેતી વિષયક ધિરાણ સહકારી મંડળીઓ, રીજીઓનલ રૂરલ બેંકો અને કૃષિ અને ગ્રામિણ વિકાસ બેંકોને આ યોજના લાગુ પડશે.

(૩) આ યોજનાની શરત નં.-૨ માં દર્શાવેલ બેંકો/સંસ્થાઓ દ્વારા પાક ધિરાણ મેળવતા તથા નાબાર્ડની **PROMPT-PAYING SCHEME** અંતર્ગત સમયસર પરત ભરપાઈ કરતા ખેડૂતોને તેઓના પાક ધિરાણ પર રૂ.૩.૦૦ લાખ સુધીના ધિરાણ માટે ૪% ના દરે વ્યાજ રાહતની રકમ રાજ્ય સરકાર દ્વારા પુરી પાડવામાં આવશે.

(૪) સહકારી ધિરાણ માળખા માટે જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકોએ ક્લેઇમ રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને સીધા રજૂ કરવાના રહેશે. જ્યારે અન્ય બેંકોએ તેમની મુખ્ય શાખાની નોડલ એજન્સી તરીકે નિયુક્ત કરી તેની જાણ રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને કરવાની રહેશે. ખેડૂતોને આપવામાં આવેલ પાક ધિરાણ ઉપર આ યોજના મુજબની વ્યાજ રાહતની દરખાસ્ત તેમની નિયુક્ત કરવામાં આવેલ નોડલ બેંક/બ્રાન્ચ મારફતે તમામ શાખાઓનો એકત્રિત ક્લેઇમ સમયસર રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની કચેરીએ રજૂ કરવાનો રહેશે. રજિસ્ટ્રારશ્રીની કચેરીએ આ દરખાસ્તોની નિયત નોર્મ્સ અને શરતો મુજબ ચકાસણી કરી ચુકવણીની કાર્યવાહી કરવાની રહેશે.

(૫) આ યોજનાની ઉપર દર્શાવેલ શરતો સિવાયની અન્ય બાબતો નાબાર્ડ, મુંબઈના તા.૨૯/૧૨/૨૦૧૪ના સરક્યુલર ક્રમાંક:**NB/DOR(POLICY)/4018-IS-1/2014-15/259/DOR/2014** અને ત્યારબાદના વખતોવખતના સરક્યુલરથી જે તે શરતો નક્કી કરવામાં આવી હશે તે શરતો મુજબ અમલ કરવાનો રહેશે.

(૬) પાક ધિરાણ કરતી બેંકો/સંસ્થાઓ તરફથી રજૂ થતી ૪% વ્યાજ રાહતની દરખાસ્તો, નાબાર્ડ દ્વારા નિયત થયેલ નમૂનામાં છ માસિક ધોરણે બે તબક્કામાં (તા.૧ એપ્રિલથી ૩૦ સપ્ટેમ્બર અને ૧લી ઑક્ટોબર થી ૩૧ માર્ચ) કરેલ ધિરાણ સામે પરત થયેલ ધિરાણની રકમ ધ્યાને લઈને રજુ કરવાની રહેશે અને તે સાથે નાબાર્ડના પરિપત્રોમાં સુચવ્યા મુજબના નમુનામાં વૈધાનિક ઓડીટરનું પ્રમાણપત્ર અચૂક સામેલ કરવાનું રહેશે. પ્રથમ ક્લેઇમમાં વૈધાનિક ઓડીટરનું પ્રમાણપત્ર સામેલ કરી શકાય તેમ ન હોય તે બેંકોએ પ્રથમ ક્લેઇમમાં બેંકના ઓથોરાઈઝ્ડ અધિકારી અને આંતરિક ઓડીટરશ્રીની સહી સાથે ક્લેઇમ રજૂ કરવાના રહેશે અને બીજા ક્લેઇમ સાથે પૂરા સમયનું વૈધાનિક ઓડીટરનું પ્રમાણપત્ર અચૂક સામેલ કરવાનું રહેશે.

(૭) લોન આપનાર નાણાંકીય સંસ્થાઓએ આ ધિરાણ માટે નાબાર્ડના નિયમો મુજબ સમયસર ધિરાણ પરત કરનાર ખેડૂતો પાસેથી ૪% વ્યાજ બાદ કરીને જ ધિરાણ પરનું વ્યાજ વસુલ લેવાનું રહેશે. જે કિસ્સામાં ખેડૂતો દ્વારા પૂરેપૂરું વ્યાજ ભરપાઈ કરવામાં આવેલ હોય તેવા કિસ્સામાં વ્યાજ રાહતની રકમ જે તે ખેડૂતોના લોન ખાતામાં જમા આપવાની રહેશે અને તેની જાણ ખેડૂતને કરવાની રહેશે.

(૮) બેંક દ્વારા દરખાસ્ત આ સાથેના નમુનામાં ચેકલીસ્ટ અને પત્રક-૧ના નમુનામાં છેલ્લા ૩ વર્ષમાં થયેલ ધિરાણની વિગતો તેમજ સામેલ નમુનામાં લાભાર્થીની માહિતી રજુ કરવાની રહેશે.

(૯) ક્લેઇમ પત્રક તૈયાર કરવા માટે નાણાંકીય સંસ્થાઓએ **ikhedut.gujarat.gov.in** પોર્ટલ ઉપર દરેક ખાતેદાર દીઠ તા.૦૧/૦૪/૨૦૨૫ થી તા.૩૧/૦૩/૨૦૨૬ દરમ્યાન મંજૂર કરેલ અને ડીસ્બર્સ કરેલ લોનની રકમ, પાકની વિગતો અને વાવેતરની ડેટા એન્ટ્રી આ સાથેના પત્રક-૨ પ્રમાણે કરવાની રહેશે.

(૧૦) નાબાર્ડની ક્રેડિટ પોલિસી અનુસાર ટુંકી મુદતનું રૂ.૩.૦૦ લાખ સુધીનું પાક ધિરાણ મેળવેલ ખેડૂતો દ્વારા લેવામાં આવેલ ધિરાણ જેટલુ જ ધિરાણ સમયસર પરત ભરપાઇ કરવાના કિસ્સામાં તેમજ પશુપાલન અને મત્સ્યોદ્યોગ સહિતની સંલગ્ન પ્રવૃત્તિ માટે મેળવેલ રૂ.૨.૦૦ લાખ સુધીના ધિરાણ ઉપરાંત સદરહુ યોજનાની મર્યાદા મુજબ રૂ.૩.૦૦ સુધીમાં બાકી રહેતુ પાક ધિરાણ મેળવેલ હશે તેવા ખેડૂતોને સમયસર ધિરાણ પરત ભરપાઇ કરવાના કિસ્સામાં ધિરાણ ઉપર ૪% વ્યાજ રાહતનો લાભ વાર્ષિક એકંદર રૂ.૩.૦૦ લાખની મર્યાદામાં મેળવી શકાશે. તેમજ આ બાબત જે તે સબંધીત બેંકે પ્રમાણિત કરી જરૂરી પ્રમાણપત્ર દરખાસ્ત સાથે રજૂ કરવાનુ રહેશે.

Signature Not Verified
Signed by : Kuldeepsinh jorsangbhai makwana
Under Secretary
Agriculture Farmers Welfare and Co-operation Department
Date : 2026.04.01 15:10:43 IST


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

<u>(બ) જ્યારે નાબાર્ડ દ્વારા આપવામાં આવતા રિફાઈનાન્સ ક્વોટા ઉપરાંત સ્થાનિક માંગણીને અનુરૂપ પોતાના સ્વભંડોળમાંથી જ્યારે સહકારી કૃષિ ધિરાણ માળખા દ્વારા રૂ.૩.૦૦ લાખની મર્યાદામાં પાક ધિરાણ આપવામાં આવે ત્યારે ૨% વ્યાજ રાહત આપવા અંગેની શરતો અને બોલીઓ:-</u>

(૧) કૃષિ પાક માટે ટૂંકા ગાળાના હંગામી ધિરાણ બાબતે નાબાર્ડ વતી આપવામાં આવતું રિફાયનાન્સનો પુરેપુરો વપરાશ જિલ્લા કો.ઓપ. બેંકોએ કરવાનો રહેશે. સદર રકમ ઉપરાંતની રકમ સ્વભંડોળમાંથી વાપરી ટુંકા ગાળાના ધિરાણની જરૂરિયાત પૂર્ણ કરી શકાશે. નાબાર્ડ રીફાયનાન્સના ક્વોટાની રકમ વાપર્યા પછીના સ્વભંડોળના ધિરાણ માટે જ આ યોજના હેઠળના ૨% વ્યાજ રાહતનો લાભ મેળવી શકાશે.

(૨) ૨% વ્યાજ રાહતની દરખાસ્તો, ધી ગુજરાત રાજ્ય સહકારી બેંક લી., અમદાવાદ દ્વારા રાજ્યની તમામ જિલ્લા સહકારી બેંકો સહિત એકત્રિત સ્વરૂપે નાબાર્ડ દ્વારા નિયત થયેલ નમૂનામાં છ માસિક ધોરણે બે તબક્કામાં સ્વભંડોળમાંથી કરેલ ધિરાણની રકમ ધ્યાને લઈને રજુ કરવાની રહેશે અને તે સાથે નાબાર્ડના પરિપત્રોમાં સુચવ્યા મુજબના નમુનામાં વૈધાનિક ઓડીટરનું પ્રમાણપત્ર અચૂક સામેલ કરવાનું રહેશે. પ્રથમ ક્લેઈમમાં વૈધાનિક ઓડીટરનું પ્રમાણપત્ર સામેલ કરી શકાય તેમ ન હોય તે બેંકોએ પ્રથમ ક્લેઈમમાં બેંકના ઓથોરાઈઝડ અધિકારી અને આંતરિક ઓડીટરશ્રીની સહી સાથે ક્લેઈમ રજૂ કરવાના રહેશે અને બીજા ક્લેઈમ સાથે પૂરા સમયનું વૈધાનિક ઓડીટરનું પ્રમાણપત્ર અચૂક સામેલ કરવાનું રહેશે.

<u>સામાન્ય શરતો:-</u>

(૧) પ્રસ્તુત યોજના અંગેનો ખર્ચ તા.૦૧/૦૪/૨૦૨૬ પછી કરવાનો રહેશે. નાણા વિભાગ દ્વારા આપવામાં આવેલ વહીવટી મંજૂરીની શરતોમાં નાણા વિભાગની પૂર્વ મંજૂરી સિવાય કોઇ ફેરફાર કરી શકાશે નહીં.

(૨) આ વહીવટી મંજૂરી એક વર્ષ માટે એટલે કે સને:૨૦૨૬-૨૭ના વર્ષ પુરતી અમલમાં રહેશે.

(3) આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ સને ૨૦૨૬-૨૭ના વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન રહીને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૪) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો, ધારાધોરણો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૫) યોજનાઓની નિયત થયેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૬) આ અંગેની શરતો કૃષિ અને સહકાર વિભાગના તા.૨૭/૦૨/૨૦૦૯ અને તા.૦૧/૦૫/૨૦૧૫ના ઠરાવ ક્રમાંક: સીએસબી/૧૨૨૦૦૭/એમ/૧૨૮/ચ થી નિયત થયેલ છે તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૮) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૯) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી.જે હેતુ માટે બજેટ જોગવાઈ કરવામાં આવી છે તે જ હેતુ માટે ખર્ચ કરવાનો રહેશે.બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૧૦) આ યોજનાનું નિયંત્રણ અને નિયત ચકાસણી, રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરે કરવાની રહેશે.

(૧૧) પાક ધિરાણ કરતી સંસ્થાઓ તરફથી રજૂ થતી દરખાસ્તોનો પૂરતી ચકાસણી કરવાની રહેશે. ત્યારબાદ ખોટા ક્લેઈમ રજુ થયેલ હોવાનું ધ્યાને આવશે તો વધુ ચુકવાયેલ ક્લેઈમની રકમ વ્યાજ સાથે ભરપાઈ કરવાની રહેશે.

(૧૨) વિભાગની ફાઇલ ક્રમાંકઃ સમબ/૧૦/૨૦૧૯/૧૨૦૬/ચ ઉપર સરકારશ્રીની મળેલ મંજુરી અન્વયે વ્યાજ રાહત યોજનાના નાણાં નોડલ એજન્સી તરીકે ગુજરાત રાજ્ય કૃષિ બજાર બોર્ડ, ગાંધીનગરના હવાલે મુકવાના રહેશે. આ કોર્પોરેશન/બોર્ડ દ્વારા સંબંધિત બેંકની નોડલ શાખાને મંજુર કરાયેલ વ્યાજ રાહતની રકમ ચૂકવવાની રહેશે.

(૧૩) નોડલ એજન્સીએ નાણાં વિભાગના તા.૩૧/૦૧/૨૦૧૯, તા.૦૫/૧૧/૨૦૧૮, તા.૨૯/૧૦/૨૦૧૬, તા.૦૧/૦૯/૨૦૧૪ના વિવિધ પરીપત્રો તેમજ વખતો વખત નાણાં વિભાગ ધ્વારા બહાર પાડવામાં આવતી સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૪) નોડલ એજન્સીએ નાણાંકીય વર્ષના અંતે તેઓ હસ્તક બચત રહેતી રકમ વ્યાજ સહિત સરકારશ્રીમાં પરત જમા કરાવવાની રહેશે. નોડલ એજન્સીએ કોઇ પણ સંજોગોમાં નાણાં વિભાગની પૂર્વ મંજુરી મેળવ્યા વિના સરકારશ્રી ધ્વારા ફાળવવામાં આવતી ગ્રાન્ટ પાર્ક કરવાની રહેશે નહિ.

(૧૫) પ્રસ્તુત યોજના હેઠળ ખોલાવેલ ખાતામાં રાજ્ય સરકારશ્રી ધ્વારા મળનાર ગ્રાન્ટ જમા કરવાથી ઉકત ખાતામાં વ્યાજ સહિત અન્ય તમામ પ્રકારની જે પણ આવક થાય તે તમામ આવક રાજ્ય સરકારશ્રી ધ્વારા ફાળવવામાં આવતી ગ્રાન્ટનો જ હિસ્સો ગણવામાં આવશે.

(૧૬) ઉક્ત યોજનાના અમલીકરણ માટે નિમાયેલ નોડલ એજન્સી પ્રસ્તુત યોજના સિવાય અન્ય યોજના માટે પણ નોડલ એજન્સી તરીકે કાર્ય કરતી હોય તો નોડલ એજન્સીએ તમામ યોજનાઓ માટે અલાયદા બેન્ક ખાતાઓ ભારત સરકારશ્રીની **PSU** બેન્કમાં ખોલાવવાના રહે.

(૧૭) આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રિય જોગવાઇની મર્યાદામાં જ સહાય ચૂકવવાની રહેશે. કોઇપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકીય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહીં તે મુજબનું આયોજન કરવાની તકેદારી વિભાગે રાખવાની રહેશે.

(૧૮) આ યોજનાનો અમલ રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગની કચેરીએ કરવાનો રહેશે.

(૧૯) સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ **(GeM)** પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પધ્ધતિ મુજબની ખરીદી માટેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તથા તે મુજબ ખરીદી કરવાની રહેશે. પરંતુ જે વસ્તુઓ **GeM Portal** પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉધોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ મુજબ ઉદ્યોગ અને ખાણ વિભાગ પાસેથી ના વાંધા પ્રમાણપત્ર **(No Objection Certificate)** મેળવ્યા પછી જ ખરીદી કરવાની રહેશે. ત્યારબાદ વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.સાધન/ કીટની ગુણવતા સુનિશ્ચિત કરવાની રહેશે.

(૨૦) પારદર્શક પ્રક્રિયા અનુસરી લાભાર્થીની પસંદગી કરવાની રહેશે.

(૨૧) ઓનલાઇન અરજી કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.

(૨૨) નાણાકિય સહાય નિયત કરેલ સમયાંતરે **DBT** પધ્ધતિથી જ આપવાની રહેશે.

(૨૩) આ યોજનાને **DBT Portal** ઉપર ફરજીયાત નોંધવાની રહેશે.

(૨૪) **CM Dash Board** સાથે યોજના **Link** કરવાની રહેશે.

(૨૫) યોજનાના મોનીટરીગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

(૨૬) **Social Audit** અને**Third party Verification** પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.

(૨૭) કેન્દ્ર સહાયિત યોજનામાં ફંડ કેન્દ્ર સરકાર ફાળવે તે મુજબ જ યોજનાકીય લાભ લાભાર્થીને આપવાનો રહેશે.

(૨૮) પ્રસ્તુત કામે ટેન્ડર પ્રોસેસીંગ બાબતમાં ઉધોગ અને ખાણ વિભાગના અધતન ઇ-ટેન્ડરીંગ બાબતમાં કરવામાં આવેલા ઠરાવની

જોગવાઈઓ/સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૨૯) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૩૦) સદર વહીવટી મંજુરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

(૩૧) જો કોઈ કેંદ્રિય સહાયિત યોજના હેઠળ સાધનોની ખરીદી કરવાની હોય તો યોજનાની સહાય મળેથી જ ખરીદી કરવાની રહેશે.

(૩૨) યોજનાના અમલીકરણમાં ઉપરોક્ત દર્શાવેલ શરતો પૈકી યોજનાના પ્રારૂપને અનુરૂપ (યોજનાને લાગુ પડતી) શરતોનો અમલ કરવાનો રહેશે.

(૩૩) આ યોજનાનો ખર્ચ વર્ષ ૨૦૨૬-૨૭ના અંદાજપત્રમાં કરેલ જોગવાઈની મર્યાદામાં નીચેના બજેટ સદરે ઉધારવાનો રહેશે.

માંગણી ક્રમાંક : ૫ (આયોજન)
મુખ્ય સદર : ૨૪૨૫ સહકાર
પેટા મુખ્ય સદર : ૦૦
ગૌણ સદર : (૧૦૭) ધિરાણ સહકારી મંડળીઓને સહાય
પેટા સદર : (૧૮) સીઓપી-૩૪, વ્યાજ સહાય માટે ખેડૂતોને નાણાંકીય સહાય

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સરકારશ્રી/નાણાં વિભાગની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કુલદીપસિંહ મકવાણા)
ઉપ સચિવ
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

પ્રતિ,

- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
- રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.(તમામ સંબંધિતોને જાણ કરવા વિનંતી સહ)
- સચિવશ્રી(ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(કૃષિ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- બજેટ શાખા, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- સામાન્ય વહીવટ વિભાગ (આયોજન), સચિવાલય, ગાંધીનગર.
- કન્વીનરશ્રી, સ્ટેટ લેવલ બેંકર્સ કમિટી, (ગુજરાત), બેંક ઓફ બરોડા, દેના બેંક ભવન, આશ્રમ રોડ, અમદાવાદ. (તમામ સંબંધિતોને જાણ કરવા વિનંતી સહ)
- મેનેજિંગ ડીરેક્ટરશ્રી,ગુજરાત રાજ્ય કૃષિ બજાર બોર્ડ., ગાંધીનગર.
- આઇ.ટી. શાખા, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર (વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા વિનંતી.)
- શાખા સિલેક્ટ ફાઇલ/ નાયબ સેક્શન અધિકારી ફાઇલ.

# ચેકલીસ્ટ

બેંકનું નામ :

ખેડૂતો દ્વારા મેળવેલ ટુંકી મુદતના ધિરાણ પૈકી સમયસર વસુલ આવેલ ધિરાણ ઉપર ૭% વ્યાજ રાહતની દરખાસ્ત સાથેનું ચેકલીસ્ટ

ઠરાવ ક્રમાંક: ACD/CEF/e-file/2/2024/3498/CH નું બિડાણ

| | | |
|---|---|---|
| ૧ | લાભાર્થી બેંકનું નામ અને સરનામું<br><br>**Contact No.: Land line/Mobile**<br><br>**Contact Person: Name and Designation**<br><br>**E-Mail Address** | |
| ૨ | દરખાસ્તનો સમયગાળો<br><br>તા.૦૧/૦૪/૨૦.... થી તા.૩૦/૦૯/૨૦.... (પાર્ટ-૧)<br><br>તા.૦૧/૧૦/૨૦.... થી તા.૩૧/૦૩/૨૦.... (પાર્ટ-૨) | |
| ૩ | લાભાર્થી બેંકનો એકાઉન્ટ નંબર | |
| ૪ | લાભાર્થી બેંકનો **IFSC** નંબર | |
| ૫ | દરખાસ્તના સમયના રૂપિયા ૩ લાખ સુધીના ધિરાણની વિગત<br><br>૧. ખાતાની સંખ્યા<br><br>૨. રકમ રૂપિયા | |
| ૬ | અ.નં. ૫ પૈકી સમયસર પરત મળેલ ધિરાણની વિગત<br><br>૧. ખાતાની સંખ્યા<br><br>૨. રકમ રૂપિયા | |
| ૭ | ૭% વ્યાજ રાહતની કુલ રકમ રૂપિયા (કો. નં.૮+૯) | |
| ૮ | ૩% મુજબ કેન્દ્ર સરકાર પાસેથી મેળવવાની વ્યાજ રાહતની રકમ રૂપિયા | |
| ૯ | ૪% મુજબ રાજ્ય સરકાર પાસેથી મેળવવાની વ્યાજ રાહતની રકમ રૂપિયા | |

સદર દરખાસ્તની સંપૂર્ણ ચકાસણી કરવામાં આવેલ છે અને આ સહાય અંગેની શરતો અને બોલીઓ મુજબ દરખાસ્ત બરાબર છે તેની ચકાસણી કરેલ છે.

Signature Not Verified
Signed by : Kuldeepsinh jorsangbhai makwana
Under Secretary
Agriculture Farmers Welfare and Co-operation Department
Date : 2026.04.01 15:10:43 IST


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

બેંકના અધિકૃત અધિકારીનું નામ / હોદ્દો / તારીખ / સહી

બેંકના ચકાસણી કરનાર ઓડિટરનું નામ / હોદ્દો / તારીખ / સહી

બેંકના ચકાસણી કરનાર સ્ટેચ્યુટરી ઓડિટરનું નામ / હોદ્દો / તારીખ / સહી

# પત્રક-૧

ઠરાવ ક્રમાંક: **ACD/CEF/e-file/2/2024/3498/CH**નું બિડાણ

બેંકનું નામ:- **(Rupees in actual)**

| અ.નં. | વર્ષ ૨૦૨૩-૨૪ | | | વર્ષ ૨૦૨૪-૨૫ | | | વર્ષ ૨૦૨૫-૨૬ | | | | સને ૨૦૨૪-૨૫ માં મેળવેલ ધિરાણ કરતાં ૨૦% થી વધુ ધિરાણ મેળવનાર ખેડૂતોની સંખ્યાં |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | પાક ધિરાણ મેળવનાર ખેડૂતોની સંખ્યા | | મેળવેલ ધિરાણની રકમ | | |
| | પાક ધિરાણ મેળવનાર ખેડૂતોની સંખ્યા | મેળવેલ ધિરાણની રકમ રૂ | સને ૨૦૨૨-૨૩ માં મેળવેલ ધિરાણ કરતાં ૨૦% થી વધુ ધિરાણ મેળવનાર ખેડૂતોની સંખ્યાં | પાક ધિરાણ મેળવનાર ખેડૂતોની સંખ્યા | મેળવેલ ધિરાણ ની રકમ રૂ | સને ૨૦૨૩-૨૪ માં મેળવેલ ધિરાણ કરતાં ૨૦% થી વધુ ધિરાણ મેળવનાર ખેડૂતોની સંખ્યાં | રૂ.૩.૦૦ લાખ સુધીનું ધિરાણ મેળવનાર | રૂ.૩.૦૦ લાખ કરતાં વધુ ધિરાણ મેળવનાર | રૂ.૩.૦૦ લાખ સુધીનું ધિરાણ (રકમ રૂ.) | રૂ.૩.૦૦ લાખ કરતાં વધુ ધિરાણ (રકમ રૂ.) | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| | | | | | | | | | | | |
| | | | | | | | | | | | |

**Date:- / /2026**

**Signature :...............................**

**Designation : ................................**

**Name : ................................**

**Address : ................................**

**Contact No : ................................**

**E-mail ID : ................................**

# ANNEXURE-2

**Format of calming 4% interest subvention (Prompt Paying Farmers) for short term crop loan for the year 2025-26**

**Vide G.R. : ACD/CEF/e-file/2/2024/3498/CH**

**Name of District:**

**Name of Bank:** **(Rupees in actual)**

| Sr. No. | Village | Name of Taluka | Name of the loanee farmer | Land Record Khata No. | Loan Account No. | Sanctioned Loan Amount | Date of first disbursement/ drawal | Loan due date/repayment date whichever is earlier | Financed for which crop | Area (in hector) covered for crop finance | Amount of 4% interest subvention |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 |
| | | | | | | | | | | | |
| | | | | | | | | | | | |
| | | | | | | | | | | | |
| | | | | | | | | | | | |

**We certify that the above loans for which the claims are being made ware repaid in time and also eligible for benefit of 4% interest subvention scheme of State Government for the year 2026-27.**

**Date:- / /2026**

**Signature :..............................**

**Designation : ................................**

**Name : ................................**

**Address : ................................**

**Contact No : ................................**

**E-mail ID : ................................**